કીટકશાસ્ત્ર વિભાગ
બં. અ. કૃષિ મહાવિદ્યાલય
આણંદ કૃષિ યુનિવર્સિટી
આણંદ-૩૮૮ ૧૧૦

# "સંકલિત જીવાત વ્યવસ્થાપન" અંગેનો ચાર દિવસીય તાલીમ કાર્યક્રમ યોજાયો

કીટકશાસ્ત્ર વિભાગ, બં. અ. કૃષિ મહાવિદ્યાલય, આકૃયુ, આણંદ દ્વારા સંકલિત જીવાત વ્યવસ્થાપન અંગેની તાલીમ તા. ૧૮/૦૭/૨૦૨૩ થી ૨૧/૦૭/૨૦૨૩ દરમ્યાન ગોઠવવામાં આવેલ. જેમાં જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકાના અલગ અલગ ગામોના કુલ ૨૮ ખેડૂતોએ ભાગ લીધેલ. આ તાલીમ કાર્યક્રમમાં ધાન્ય પાકો, કઠોળ પાકો, તેલીબિયાના પાકો, બાગાયતી પાકો, ઘાસચારાનાં પાકોને નુકસાન કરતી જીવાતોનું સંકલિત વ્યવસ્થાપન કેવી રીતે કરી શકાય તે અંગે ઊંડાણપૂર્વક ખેડૂતોને માર્ગદર્શન આપવામાં આવેલ. તાલીમ કાર્યક્રમમાં વાતાવરણિય ફેરફાર દ્વારા વિવિધ પાકમાં આવતી જીવાતોનું સમયસર સંકલિત વ્યવસ્થાપન અપનાવી જંતુનાશકોના આડેધડ છંટકાવને ઘટાડવો જોઇએ તેમજ વિવિધ જીવાતોનું સંકલિત વ્યવસ્થાપન કરી પાક સંરક્ષણ ખર્ચ ઘટાડી આવક કઈ રીતે વધારી શકાય તે અંગેની સમજ આપવામાં આવી હતી. તેમજ રસાયણમુક્ત અને ગુણવત્તાસભર ખેત ઉત્પાદન મેળવવા માટે પણ તાલીમ આપવામાં આવેલ અને ખેડૂતોના પ્રશ્નોનું નિરાકરણ કર્યુ હતું.

આ ઉપરાંત ખેડૂત ભાઈઓએ મુખ્ય ઘાસચારા સંશોધન કેન્દ્ર, વિભાગીય સંશોધન કેન્દ્ર, પશુ સંશોધન કેન્દ્ર, મધમાખી ઉછેર કેન્દ્ર અને શાકભાજી સંશોધન કેન્દ્રની મુલાકાત લીધી હતી. આ તાલીમ કાર્યક્રમમાં ખેડૂતોને પ્રાયોગિક તાલીમ પણ આપવામાં આવી હતી.

ખેડૂતોએ પણ તેઓના પ્રતિભાવમાં તાલીમ વિશે જણાવેલ કે આ તાલીમ તેઓને ખૂબજ ઉપયોગી સાબિત થશે કારણકે અત્યાર સુધી તેઓ જીવાત અને રોગ અંગે આટલી બધી સમજ ધરાવતા ન હતા. તેમજ આવી અમોએ મેળવેલ માહિતી અન્ય ખેડૂતો સુધી પણ પહોંચાડીશુ. તેઓએ આવી તાલીમ રાખવા બદલ આણંદ કૃષિ યુનિવર્સિટીનો આભાર પણ માન્યો હતો અને તાલીમ જાણવા લાયક અને સંતોષકારક રહી તેમ જણાવ્યુ હતું.

આ તાલીમ કાર્યક્રમના અંતે ડૉ. વાય. એમ. શુક્લ, આચાર્ય અને વિદ્યાશાખાધ્યક્ષ, બં. અ. કૃષિ મહાવિદ્યાલય, આકૃયુ, આણંદએ તાલીમની જાણકારી બીજા ખેડૂતો સુધી પહોંચે તેવી અભ્યર્થના સાથે આશીર્વચન પાઠવેલ તથા તેઓશ્રીએ બં. અ. કૃષિ મહાવિદ્યાલય ખાતે ચાલતી અન્ય તાલીમોની માહિતી પણ આપેલ હતી. તેઓશ્રીના હસ્તે તાલીમાર્થીઓને પ્રમાણપત્ર અને કીટનું વિતરણ પણ કરવામાં આવેલ. આ તાલીમ કાર્યક્રમમાં કીટકશાસ્ત્ર વિભાગના વડા, ડૉ. ડી. બી. સિસોદીયાએ તાલીમ દરમ્યાન મેળવેલ માહિતીનો ઉપયોગ ખેતીમાં કરી તેનો લાભ મેળવવા જણાવ્યું હતું. તેમજ કૃષિ યુનિવર્સિટીમાં ચાલતા અભ્યાસક્રમોમાં પોતાના બાળકોને પ્રવેશ મેળવવા માટે પ્રયત્ન કરવા જણાવ્યું હતું. આ પ્રસંગે ડૉ. એચ. સી. પટેલ અને મિનાક્ષી લુણાગરીયા પણ હાજર રહ્યા હતા.











સંકલિત જીવાત વ્યવસ્થાપન
તાલીમ કાર્યક્રમ


સંકલિત જીવાત વ્યવસ્થાપન
તાલીમ કાર્યક્રમ


સંકલિત જીવાત વ્યવસ્થાપન
તાલીમ કાર્યક્રમ


સંકલિત જીવાત વ્યવસ્થાપન
તાલીમ કાર્યક્રમ


तुलसी
AAU
BIO-PESTICIDES
Anand (Gujarat)